રાજ્ય સરકારશ્રીના તા.૧૧.૧૧.૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક:જીએચ/વી/૧૭૪ ઓફ ૨૦૨૦/ઇડીબી-૧૦૨૦૧૬-૩૬૨૯-લ થી પ્રસિધ્ધ કરેલ સંકલીત જી.ડી.સી.આર.ના ફેરફારને તાત્કાલીક અસરથી અમલમાં મુકવા બાબત.

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
હુકમ ક્રમાંક:ઇડીબી-૧૦૨૦૧૬-૩૬૨૯-લ
સચિવાલય, ગાંધીનગર.
**તા.૧૧.૧૧.૨૦૨૦**

**આમુખ:**

સરકારશ્રીના તા.૧૨.૧૦.૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૨૬૯ ઓફ ૨૦૧૭/ઇડીબી-૧૦૨૦૧૬-૩૬૨૯-લથી સમગ્ર રાજયમાં સંકલીત જી.ડી.સી.આર. અમલમાં લાવવામાં આવેલ છે.જે સંદર્ભે વિવિધ સંસ્થાઓ તરફથી મળેલ રજુઆતો/સુચનોને કાળજીપૂર્વક વિચારણામાં લઇ સરકારશ્રી કક્ષાએ સકારાત્મક ફેરફાર સુચવેલ છે. જે સંદર્ભે તા.૧૧.૧૧.૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક:જીએચ/વી/૧૭૪ ઓફ ૨૦૨૦/ઇડીબી-૧૦૨૦૧૬-૩૬૨૯-લથી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જાહેર હિતમાં અને રાજયના નાગરિકોને વિકાસ પરવાનગી મેળવવામાં વધુ વિલંબ ન થાય તે માટે સમગ્ર સત્તામંડળો/નગર પાલીકાઓને નીચે પ્રમાણેનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ:**

આથી સમગ્ર શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળો તથા નગરપાલિકાઓને તા.૧૧.૧૧.૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક:જીએચ/વી/૧૭૪ ઓફ ૨૦૨૦/ઇડીબી-૧૦૨૦૧૬-૩૬૨૯-લને તાત્કાલીક અસરથી અમલમાં મુકવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ હુકમ કરવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(પ્રકાશ દત્તા)**
ખાસ ફરજ પરના અધિકારી અને હોદ્દાની રૂએ નાયબ સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, તમામ મ્યુનિસિપલ કોર્પોરેશન.
- કમિશ્નરેટ ઓફ મ્યુનિસિપાલિટી, ગુજરાત રાજય, ગાંધીનગર. (તમામ નગરપાલીકાઓને જાણ કરવા સારૂ.)
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, તમામ શહેરી/વિસ્તાર વિકાસ સત્તામંડળ.
- મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય,ગાંધીનગર.
- લ-શાખાની સિલેક્ટ ફાઇલ.(૨૦૨૦)